**Press Note**

સુરતના ભટાર વિસ્તારમાં આવેલી SHREE UTTAR GUJARAT BBA COLLEGE, માં સ્ટાર્ટઅપ–ઇનોવેશન કાર્યક્રમ યોજાયો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી શિક્ષણ ક્ષેત્રે અગ્રગણ્ય હરોળમાં સ્થાન મેળવેલ છે. દરેક પ્રકારના શિક્ષણ અને તેની લગતી તેની સ્પર્ધામાં પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સતત મોખરેનું સ્થાન પ્રાપ્ત કરે છે. તાજેતરમાં જ ઈનોવેશનની પ્રવૃતિને પ્રોત્સાહન મળે તે હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત વી.એન.એસ.જી.યુ ઇન્કયુબેશન સેન્ટર દ્વારા તા.૦૯-૦૭-૨૦૨૨ ના રોજ SHREE UTTAR GUJARAT BBA COLLEGE,SURAT માં સ્ટાર્ટઅપ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને SHREE UTTAR GUJARAT BBA COLLEGE,SURAT કોલેજના આચાર્યશ્રી પ્રદીપ એચ. રાજપૂત ના સહકાર હેઠળ યોજાયેલ આ સેશનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી વિશે માહિતી આપવામાં આવી. જેમાં વિધાર્થીઓને ઇનોવેટિવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઆપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિંગ(ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૧૦૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિધાર્થીઓ દ્વારા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિધાર્થીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમ ને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.